**<u>ફોજદારી કેસ નં. ૨૫૦ / ૨૦૨૬ , આંક–૧ લગત હુકમ.</u>**

**૧)** સદર કામના આરોપી વિરુધ્ધ ધી બોમ્બે પ્રોહી.એકટની કલમ–**૬૫(એ)(એ),** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતાં તેમને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી. ત્યાર બાદ આરોપીનું તહોમતનામું ફરમાવવામાં આવ્યુ. બાદમાં પ્લી લેતાં આરોપીએ ગુન્હાની સ્વેચ્છાપુર્વક કબુલાત કરેલ છે.

**૨)** તે ઉપરાંત આરોપીએ ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આરોપીને તેઓની વિરુધ્ધના ગુન્હાની સજાની જોગવાઈની તથા તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેવી સમજ પણ કરવામાં આવેલ છે, છતાં આરોપી ગુન્હો કબુલ કરવા માંગતા હોય આરોપીની ગુન્હા કબુલાત પુરસીસ રેકર્ડ લ ેવાનો હુકમ કરવામાં આવેલ છે. સજાના મુદ્દે આરોપીને સાંભળ્યા. આરોપી પક્ષે રજુઆત કરેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે, ગરીબ માણસ છે, તેઓના કુટુંબની જવાબદારી તેઓની ઉપર છે અને ભવિષ્યમાં આવો ગુન્હો નહી કરવાની ખાતરી આપી ઓછી સજા કરી રહેમ રાખવા જણાવેલ છે. આરોપી એ ગુન્હાનો ઈકરાર સ્વૈચ્છિક રીતે કરેલ હોય, આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતા તથા આરોપી પક્ષે અદાલત સમક્ષ કરેલ રજુઆતોને લક્ષમાં લેતા તેમજ **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯</u> ના** ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતા ગુના સબબ કલમમાં ન્યુન્તમ સજા નિયત કરેલ હોવા છતાય ન્યુન્તમ સજા કરતા પણ ઓછી સજા વિશિષ્ટ સંજોગોમાં કરી શકે છે, તે અંગે જોવામાં આવે તો આરોપી મજુર ગરીબ માણસ હોય, કોઇ ધન્ધા કે નોકરી નો આધાર ન હોય, રોજેરોજ ની કમાણી થી તેમના પરિવારના સભ્યોની જીવન જરુરીયાત ની વસ્તુઓ આરોપી દવારા પુરી પાડવામાં આવતી હોય તેવી હકીકતની જાહેરાત આરોપીએ આ કામે કબુલાત પુરસીસ રજુ કરી જાહેર કરેલ હોય તે સંજોગો ધ્યાને રાખી આરોપી ની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરેલ રજુઆતો ને લક્ષ માં લેતા આરોપી નો પ્રથમ ગુનો હોય, આરોપી કુટુમ્બ નો આધાર સ્થંભ હોય, જો લાંબા સમય સુધી કેદ ની સજા કરવા માં આવે તો કુટુમ્બ ના ભરણપોષણ નો પ્રશ્ર્ન ઉપસ્થિત થાય તેમ છે, આરોપી ના કથિત ક્રુત્ય ની સજા આડકતરી રીતે તેના કુટુમ્બીજનોને થનાર હોય, આરોપી એ ગુના સબબ પારાવાર પસ્તાવો પણ વ્યક્ત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી બને તેવી ખાત્રી પણ આપતા હોય જેથી તેવા સંજોગોમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે **<u>ભુપતભાઇ અર્જુનભાઇ તારા વિરુધ્ધ ગુજરાત રાજ્ય ૨૦૧૨ જી.સી.ડી. (૧) ૮૩૧ ના</u>** ચુકાદા માં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત

ધ્યાને લેવુ જરુરી જણાઇ આવે છે જે મુજબ નામદાર વડી અદાલતે ફરમાવેલ છે કે સજા ફરમાવતી વખતે આરોપીની દશા,પરિસ્થિતિ અને અવસ્થા કોર્ટે ધ્યાને રાખવી જોઇએ અને દયા દ્દષ્ટિ રાખી સજા ફરમાવવી જોઇએ. જેથી ઉપરોક્ત માર્ગદર્શન અને પ્રતિપાદિત સિધ્ધાંત ધ્યાને રાખતા હાલના કેસના સંજોગો, ગુનાનો પ્રકાર તથા આક્ષેપિત કલમની જોગવાઈ તથા આક્ષેપિત ફરીયાદની હકીકત અને કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતા આરોપીને કોર્ટ દવારા ઉઠતા સુધીની સજા અને દંડ કરવાનો અભિગમ અપનાવવામાં આવે તો તે ન્યાયોચિત ગણાશે, અલબત્ત દંડ કરતી વખતે પણ આરોપીની દારૂણ અવસ્થાને ઉવેખી શકાય નહી આરોપીની સ્થિતી જોતા અને કરવામાં આવેલી રજુઆતને લક્ષમાં લેતા, ઓછી રકમનો દંડ કરવાથી ન્યાયનો હેતુ જળવાશે જેથી આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવી, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) સદર કામના આરોપી **શાન્તાબેન વા/ઓ રમેશભાઈ રઈજીભાઈ ચુનારા** ને ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૫(એ)(એ), મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/– (અંકે રૂપીયા એક સો પુરા) નો દંડ અને જો દંડ ની રકમ ન ભરે તો તેને દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબજે કરેલ પ્રતિબંધિત મુદામાલ બાબતે અગાઉ જો કોઈ હુકમ થયેલ ના હોય તો તે નિયમ મુજબ ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ મુદામાલ જો કોઈ વાહન/મોબાઈલ કબજે કરેલ હોય અને તે અંગે કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે બીનશરતી કાયમ રાખવામાં આવે છે અન્યથા જો કોઈ હુકમ થયેલ ના હોય તો અપીલ સમય બાદ જો અપીલ ના થાય તો માલીકીની ખરાઈ કરી માલીકને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
સ્થળ:–ડાકોર.

**( નરેન્દ્ર કુમાર જોષી)**
જયુ.મેજી.ફ.ક.,ડાકોર.
જીજે૦૧૪૫૪